નવી બાબત ૨૦૧૮-૧૯
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના
સરકારી કન્યા છાત્રાલય, મહુવા, જિ.ભાવનગરના
મકાન બાંધકામ બાબત રૂ.૧૯૩.૩૮ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવક્રમાંક:સશપ/૧૦૨૦૧૮/ન.બા.૫૭/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૧/૦૪/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૦૮/૦૧/૨૦૧૮નો પત્રક્રમાંક:વિ.જા.ક./સ.છા./મ.બાં./ન.બા./૧૨

ઠ રા વ:

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓના વાલી આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાથી ધોરણ-૧૦ પછી તેમના બાળકોના અભ્યાસ ચાલુ ન રાખી શકતાં હોવાથી આવા વિદ્યાર્થીઓને સમાજના અન્ય હરોળની સાથે શિક્ષણની તક મળે, ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય અને ઉચ્ચ શિક્ષણના કેન્દ્રો ખાતે રહી અભ્યાસ કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. હાલમાં સરકારશ્રી દ્વારા આવા વિકસતી જાતિના ૬૩ સરકારી છાત્રાલયોનું સંચાલન કરવામાં આવે છે. રાજ્યના સરકારી કન્યા છાત્રાલય, મહુવા, જિ. ભાવનગરના (૧) છાત્રાલય બિલ્ડિંગ (૨) ભોજનાલય (૩) રસોડું (૪) સ્ટોર રૂમ (૫) લાઇબ્રેરી (૬) સભા ખંડ (૭) સ્ટાફ કવાર્ટરના બાંધકામ તેમજ વિદ્યાર્થીઓ માટેના જરૂરી ફર્નિચર અંગે વંચાણે લીધેલ નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૦૮/૦૧/૨૦૧૮ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સરકારી કન્યા છાત્રાલય, મહુવા, જિ. ભાવનગરના (૧) છાત્રાલય બિલ્ડિંગ (૨) ભોજનાલય (૩) રસોડું (૪) સ્ટોર રૂમ (૫) લાઇબ્રેરી (૬) સભા ખંડ (૭) સ્ટાફ કવાર્ટરના બાંધકામ તેમજ વિદ્યાર્થીઓ માટેના જરૂરી ફર્નિચર માટે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભાવનગર તરફથી મળેલ પ્રવર્તમાન S.O.R. મુજબ રૂ. ૫૮૬.૦૦ લાખની તથા વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબ પ્રથમ વર્ષે ૩૩% પ્રમાણે રૂ.૧૯૩.૩૮ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(3) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલવે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવક્રમાંક એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ-માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) .યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માર્ગ અને મકાન વિભાગના માંગણી નં-૮૪, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા

મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૪૨ મકાનો હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૨/૪/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ. એમ. ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ